રાજ્યમાં કોરોનાનો હાહાકાર : નવા ૫૧૩ કેસ

રાજ્યમાં બે દિવસમાં ૧૦૨૩ કેસ થયા : ૩૮નાં મૃત્યુ થયા : મૃતાંક ૧૩૮૫ ઉપર પહોંચ્યો : ૬૧ દર્દી હજુ વેન્ટિલેટર ઉપર

ગાંધીનગર, તા.૧૧

ગજરાતમાં આજે સતત બીજા દિવસે કોરોનાના નવા ૫૧૩ પોઝીટીવ કેસ નોંધાયા હતા અને ૩૮ દર્દીના મોત થયા છે. આ સાથે કોરોનાથી સંક્રમીતનો કુલ કેસનો આંકડો ૨૧૦૬૩ થયો છે અને મૃત્યુઆંક ૧૩૮૫ થયો છે. રાજ્યમાં ૬૧ વ્યક્તિ વેન્ટીલેટર પર છે. સાજા થયેલા દર્દીઓ આજે ૩૬૬ સાથે કુલ ૧૫૧૦૯ દર્દીઓ થયા છે. રાજ્યમાં આજે સતત બીજા દિવસે કોરોના કહેર બનીને ત્રાટક્યો છે. રાજ્યમાં આજે ૫૧૩ નવા કોરોના પોઝીટીવ નોંધાયા હતા. જેમાં અમદાવાદમાં નવા ૩૩૦ કેસ, ૨૫ મૃત્યુ તેમજ અમદાવાદ ગ્રામ્યમાં ૨૮ કેસ નોંધાયા હતા. આ સાથે અમદાવાદમાં કોરોનાથી સંક્રમીતનો કુલ આંક ૧૩૬૩૫ થયો છે. રાજ્યમાં ૩૮ વ્યક્તિઓના મોત થયા તેમાં અમદાવાદમાં ૨૫, સુરતમાં ૪, આણંદ, અરવલ્લી, ભાવનગર, બનાસકાંઠા, ખેડા, મોરબી, પાટણ, સુરેન્દ્રનગર અને વલસાડ ખાતે ૧-૧ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૨૮૫ થયો છે. રાજ્યમાં આજે નવા આવેલા ૫૧૩ કેસમાં અમદાવાદમાં ૩૩૦, સુરત ૮૬, વડોદરા ૩૯, ગાંધીનગર ૧૧, ભરુચ ૭, મહેસાણા અને આણંદ ૫-૫, ભાવનગર, જામનગર, જુનાગઢમાં ૩, બનાસકાંઠા, રાજકોટ, અરવલ્લી, સાબરકાંઠા, કચ્છ, ખેડા અને દાહોદમાં ૨ અને ગીર સોમનાથ, પંચમહાલ, સુરેન્દ્રનગર, છોટાઉદેપુર, નર્મદામાં ૧ અને અન્ય રાજ્યના નોંધાયા હતા. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૭૨૯૨૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૫૫૭૩ એક્ટીવ કેસ છે. જેમાં ૬૧ વેન્ટીલેટર પર અને ૫૫૧૨ સ્ટેબલ છે. રાજ્યમાં આજે ૨,૦૭,૦૭૩ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૦૦૮૭૦ વ્યક્તિ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૬૨૦૩ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરેન્ટાઈ રાખવામાં આવ્યા છે.

બનાસકાંઠામાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ

બનાસકાંઠા જિલ્લામાં ગુરુવારે વધુ બે કેસ પોઝિટિવ નોંધાયા હતા. જ્યાં મુખ્ય મથક પાલનપુર અને દિયોદરમાં વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૪૭ એ પહોંચ્યો છે. જ્યારે ૭ વ્યક્તિઓના મોત થયા છે. બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સહિત જિલ્લામાં કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. જ્યાં ગુરુવારે વધુ બે વ્યક્તનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુરમાં રહેતા એક મહિલાનો અને દિયોદરના વૃધ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે પાલનપુરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા પાંચ થઈ છે. જ્યારે જિલ્લામાં કુલ પોઝિટિવની સંખ્યા ૧૪૭ થવા પામી છે. જ્યારે ૭ વ્યક્તિઓના મોત થયા છે.

અમદાવાદનો મૃત્યુ દર દેશમાં સૌથી વધુ ગંભીર

અમદાવાદ, તા. ૧૧

ભારતમાં કોરોના વાયરસનો કહેર ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. દેશમાં બુધવાર રાત સુધી કોવિડ-૧૯ના ૨.૮૫ લાખ કેસ સામે આવી ચૂક્યા છે. તેમાંથી લગભગ ૮ હજાર લોકોનાં મોત થઈ ચૂક્યા છે. દેશમાં સૌથી વધુ મોતનો આંકડો મહારાષ્ટ્રનો છે. ત્યારબાદ ગુજરાત અને દિલ્હીમાં લોકોએ જીવ ગુમાવ્યા છે. જો આપણે શહેરના હિસાબથી જોઈએ તો મુંબઈ એ સૌથી વધુ લોકો ગુમાવ્યા છે. ત્યારબાદ અમદાવાદ અને દિલ્હી આવે છે. પરંતુ આંકડાઓનું એનાલિસિસ કરવામાં આવે તો ગંભીર વાત સામે આવે છે. મુંબઈમાં ભલે વધારે લોકોનાં મોત થયા હોય પરંતુ ડેથ રેટમાં અમદાવાદ પહેલા નંબરે છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીમાં કેટલા લોકો કોરોનાથી સંક્રમિત છે ? કેટલા લોકોની તપાસ થઈ ચૂકી છે ? કેટલા લોકોનાં મોત થયા છે ? વસ્તીના હિસાબથી ક્યાં સુધી વધુ ખતરો છે ? ૮ જૂનના આંકડા મુજબ, કોરોનાની તપાસના મામલે દિલ્હી સૌથી સારી સ્થિતિમાં છે, જ્યારે ગુજરાત ખરાબ સ્થિતિમાં છે.

દિલ્હીમાં પ્રતિ ૧૦ લાખની વસ્તીમાં ૧૩,૦૫૩ લોકોની તપાસ થઈ છે. આ મામલામાં મહારાષ્ટ્ર (૫૧૯૮) બીજા અને ગુજરાત (૪૧૭૨) ત્રીજા સ્થાને છે. મુંબઈ, અમદાવાદ અને દિલ્હીમાં કેટલા લોકોનાં મોત થઈ ચૂક્યા છે ? ડેથ રેટ ક્યાં વધુ છે એટલે કે વસ્તીના હિસાબથી ક્યાં સૌથી વધુ ખતરો છે ? આ સવાલોના જવાબમાં મુંબઈ અને અમદાવાદનું નામ આવે છે. મુંબઈમાં દેશના કોઈ પણ શહેરથી વધુ મોત થયા છે. પરંતુ ડેથ રેટમાં અમદાવાદ સૌથી આગળ છે. ૮ જૂન સુધીના આંકડાઓ મુજબ અમદાવાદમાં પ્રતિ ૧૦ લાખની વસ્તીમાં ૧૮૨ લોકોનાં મોત કોરોનાના કારણે થયા છે. મુંબઈમાં ડેથ રેટ ૮૮ અને દિલ્હીમાં ૪૫ છે. એટલે કે, અમદાવાદનો ડેથ રેટ દિલ્હીથી ચાર ગણાથી પણ વધુ છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૫૬૩૫	૧૧૧૭	૧૦૮૭૫
સુરત	૨૩૬૭	૯૬	૧૫૮૫
વડોદરા	૧૪૩૪	૪૩	૯૦૦
રાજકોટ	૧૪૦	૦૫	૮૧
ગાંધીનગર	૪૪૫	૧૯	૨૧૦
ભાવનગર	૧૫૭	૧૨	૧૧૪
કચ્છ	૯૫	૦૫	૬૮
મહેસાણા	૧૭૦	૦૮	૧૦૨
ગીર-સોમનાથ	૪૯	૦૦	૪૫
પોરબંદર	૧૪	૦૨	૦૯
પંચમહાલ	૧૧૦	૧૨	૮૩
પાટણ	૧૦૭	૦૮	૭૪
છોટાઉદેપુર	૩૯	૦૦	૩૨
જામનગર	૭૧	૦૩	૪૫
મોરબી	૦૬	૦૧	૦૪
સાબરકાંઠા	૧૩૩	૦૫	૯૨
આણંદ	૧૨૪	૧૨	૯૯
દાહોદ	૪૮	૦૦	૩૪
ભરૂચ	૬૯	૦૪	૩૭
બનાસકાંઠા	૧૪૭	૦૮	૧૦૭
ખેડા	૧૦૨	૦૫	૬૭
બોટાદ	૬૦	૦૨	૫૫
નર્મદા	૨૪	૦૦	૧૯
અરવલ્લી	૧૩૨	૧૧	૧૧૭
મહીસાગર	૧૧૬	૦૨	૧૦૭
નવસારી	૩૫	૦૧	૨૪
તાપી	૦૬	૦૦	૦૫
વલસાડ	૫૭	૦૩	૨૯
જૂનાગઢ	૪૨	૦૧	૨૯
સુરેન્દ્રનગર	૬૧	૦૩	૩૩
દેવભૂમિ દ્વારકા	૧૫	૦૦	૧૨
ડાંગ	૦૪	૦૦	૦૨
અમરેલી	૧૯	૦૨	૦૯
અન્ય રાજ્ય	૦૮	૦૦	૦૦
કુલ	**૨૨૦૬૭**	**૧૩૮૫**	**૧૫૧૦૯**

ગમે તેટલા આયોજનો થાય, ગમે તેટલી યોજનાઓ બને પરંતુ ઠેર ઠેર પાણી ભરાવવાની સમસ્યાનો કોઈ ઉકેલ મળતો નથી. જરાક જેટલા ધોધમાર વરસાદમાં પાણીના ખાબોચિયા ઠેર ઠેર ભરયેલા જોવા મળે છે. સેકટર-૧૬માં બેંક વિસ્તારમાં ફૂટપાથ અને પાર્કિંગ બનાવાયું છે પરંતુ અહીં પાણીના નિકાલની કોઈ કાયમી વ્યવસ્થા કરવામાં આવી નથી. પાણી ભરાતા ગ્રાહકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ટીટોડા ગામમાં વરસાદી પાણીનો નિકાલ નહીં થતાં રોગચાળાનો ભય

નાનપુરા કરશનપુરા રોડનો વિસ્તાર સામાન્ય વરસાદમાં પણ ડૂબી જતો હોવાથી ગ્રામજનોને પડતી હાલાકી સામે આક્રોશ

ગાંધીનગર તાલુકાના ટીટોડા ગામમાં નાનપુરા કરશનપુરા મેઈન રોડનો વિસ્તાર સામાન્ય વરસાદમાં પણ ડૂબી જઈ સરોવર બની જતો

હોવાથી ગ્રામજનોને ભારે હાલાકી વેઠવી પડે છે. આમ છતાં ત્રણ વર્ષથી મંજુર થયેલો આ રોડ હજુ સુધી નહી બનતા ટીટોડા ઉપરાંત આસપાસનાં ગ્રામજનોમાં ધારાસભ્યથી લઈ સરકાર અને વહીવટી તંત્ર સામે રોષ ફેલાયો છે. ગાંધીનગર જિલ્લાના ટીટોડા ગામનાં વતની અને જાણીતા વકીલ શંભુજી ઠાકોર ગાંધીનગર વિધાનસભા બેઠકમાં છેલ્લી ત્રણ ટર્મથી પ્રતિનિધિત્વ કરે છે. ભાજપ સરકારમાં ગઈ વખતે ઉપાધ્યક્ષ રહી ચૂકેલા ધારાસભ્ય શંભુજી ઠાકોર સામે પહેલાં વરસાદમાં જ પ્રજાજનોનો રોષ વરસ્યો છે. સોશીયલ મીડિયામાં ગામના જ યુવાનો અને આગેવાનો દ્વારા નાનપુરા કરશનપુરા મેઈન રોડનો વિસ્તાર સામાન્ય વરસાદમાં પણ ઘૂંટણ સુધી ભરાઈ ગયેલાં વરસાદી પાણીનો વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. છેલ્લાં ઘણાં વર્ષોથી આ સમસ્યા હોવાં છતાં ત્રણ વર્ષથી મંજુર થયેલો આ રોડ હજુ સુધી બન્યો નથી. પરિણામે કોરોનાના કહેર વચ્ચે અન્ય રોગચાળા પણ માથું ઊંચકે તેવો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે. જેની સામે ટીટોડા ઉપરાંત આસપાસનાં ગ્રામજનોમાં ધારાસભ્યથી લઈ સરકાર અને વહીવટી તંત્ર સામે રોષ ફેલાયો છે અને તેમણે રોડ તાત્કાલીક બનાવાય નહીં ત્યાં સુધી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરી ગ્રામજનોને રોગચાળાથી મુક્ત રાખવા માંગ કરી છે.

માણસામાં ધનવંતરી રથ દ્વારા દર્દીઓના નિદાન અને સારવારનો પ્રારંભ

અર્બન હેલ્થ સેન્ટર, માણસામાં આજે ધનવંતરી રથ દ્વારા દર્દીઓના નિદાન અને સારવારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. માણસા શહેરમાં ૨૫ જૂન સુધી ફરનારા ધનવંતરી રથ દ્વારા જુદાં જુદાં વિસ્તારોમાં પ્રજાને વિવિધ રોગોની સારવારનો લાભ આપવામાં આવશે. આજે ધનવંતરી રથમાં ૧૦૨ જેટલાં દર્દીઓની તપાસ કરનાર અર્બન હેલ્થ સેન્ટરનાં મેડીકલ ઓફીસર ડૉ. ધ્વનિ મેવાડા એ જણાવ્યું હતું કે, આ પ્રસંગે મેલેરિયા ઉપરાંત બીપી અને ડાયાબિટીસ જેવા દર્દીઓને પણ ટેસ્ટ સાથે સારવાર અને દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આયુર્વેદિક અને હોમીયોપેથિક દવાઓનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે ચોમાસાની ઋતુમાં લોકજાગૃતિ માટે વાહકજન્ય રોગચાળા સામે સાવધાની રાખવાં પેમ્ફ્લેટનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

પ્રાંતિજમાં ૧૦ લાખની માંગ કરતા મહિલા દ્વારા પતિ સહિત ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજની મહિલાને તેના પતિ સહિત સાસરીયા દ્વારા શારીરીક-માનસિક ત્રાસ આપી ઘર બનાવવા માટે ૧૦ લાખની માંગ કરતાં મહિલા દ્વારા પતિ સાસુ સસરા અને નણંદ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી હતી.

પ્રાંતિજના ગુર્જરની પોળ ખાતે રહેતા કલ્યાણસિંહ હાલુસિંહ સોલંકી મુળ રહે. હડાળા ભાલ, તા. ધંધુકા, જી.અમદાવાદ કે જેનીની દિકરી ભાવનગર ખાતે રહેતાં યશરાજસિંહ બહાદુરસિંહ પરમાર સાથે લગ્ન કરવામાં આવ્યા છે. તેનો પતિ યશરાજસિંહ બહાદુરસિંહ પરમાર, સસરા બહાદુરસિંહ ધીરૂસિંહ પરમાર, સાસુ મંજુલાબા બહાદુરસિંહ પરમાર તથા નણંદ પરીતાબા વિજયસિંહ ડોડીયા તમામે તમામ રહે. ભાવનગર પુજય પ્લોટ નં-૧૭અ/૧ સંતોષપાર્ક એરપોર્ટ રોડ, સુભાષનગર ભાવનગર, મુળ નેસડા, તા.ધોળકા જી.અમદાવાદ તો મહિલાને છેલ્લા ૧૦-૨-૨૦૧૯થી ૨૦-૫-૨૦૧૯ સુધીના સમયગાળા વચ્ચે મારઝુડ કરતાં ફરીયાદી બહેન પાસે દહેજની માંગ વારંવાર કરી શારીરીક માનસિક ત્રાસ અપાતા ફરિયાદી બહેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તા. ૧૦-૬-૨૦૨૦ના રોજ પતિ સહિત સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આઈપીસી કલમ-૪૯૮(ક) ૩૨૩, ૫૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૪ મુજબ ફરિયાદી મહિલા દ્વારા ફરીયાદ કરવામા આવતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોધી પ્રાંતિજ પોલીસ હેડ કોન્સ્ટેબલ હરીચંદ હિંમતસિંહ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજબરોજ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવતા અત્યાર સુધી વરસાદી વાતાવરણ જોવા મળતુ હતુ. પરંતુ વરસાદ આવતો ન હતો. પવનની લહેરકી સાથે વરસાદી વાદળો વિખેરાઈ જતા હતા. પરંતુ ગઈકાલે રાત્રિના સમયે આકાશી નઝારો બદલાયો હતો. જયારે અચાનક જ ભારે પવનના સુસવાટા સાથે વરસાદ ખાબકયો હતો. વાવાઝોડા સાથે વરસાદ આવતા નગરજનો રાત્રિના સમયે વરસાદનો તોફાની નઝારો જોવા માટે ઘરની બહાર નિકળ્યા હતા. આકરા બફારા બાદ અચાનક જ ઠંડા પવન ફુંકાતા નગરજનોએ ગરમીમાં પણ રાહત અનુભવી હતી. આકાશમાં સતત સંભળાતી વાદળ ગર્જના અને ગગનભેદી વિજકડાકા સાથે વરસાદે તોફાની સ્વરૂપ ધારણ કર્યુ હતુ. પલવારમાં જ સેકટરોમાં વરસાદી પાણી ઉભરાયા હતા. સેકટરોના રીંગ રોડ , કોમન પ્લોટ તેમજ નગરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ભરાયા હતા. મેઘરાજાની તોફાની બેટીંગના લીધે જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. આકરા વિજકડાકાના અંતે કેટલાક ઠેકાણે ઈલેક્ટ્રીક ઉપકરણોને પણ નુકશાન થયુ હોવાના અહેવાલ છે. વાવોલના શાલીન -૪ એપાર્ટમેન્ટમાં વાઈફાઈ પણ બળી ગયુ હતુ. આકાશમાં થતા વિજચમકારા અને ભારે પવનના લીધે વાવાઝોડાની અસર જોવા મળી હતી. જેના લીધે બેઘડી નાગરિકો ગભરાઈ ગયા હતા. સેકટરોમાં કેટલાક ઠેકાણે વૃક્ષો પણ નમી પડયા હતા. જયારે વરસાદના લીધે માટી પોલાણ થતા વાહનચાલકો પણ ફસડાઈ પડયા હતા. દોઢ કલાકમાં પોણા બે ઈંચ વરસાદ ખાબકયો હતો. શહેરમાં અત્યાર સુધી ચોમાસા પુર્વે સવા બે ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે રાત્રિના વાતાવરણ પલ્ટા બાદ આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ. પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ હોવાથી નાગરિકોએ ઉકળાટ અનુભવ્યો હતો. વરસાદે સમગ્ર શહેરને પાણીમાં ઘમરોળ્યુ હતુ. જયારે સવાર થતા જ વરસાદી વાદળો દુર થઈ ગયા હતા. પરંતુ રાત્રિના આવેલા વરસાદના લીધે ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના કોમન પ્લોટમાં પણ વરસાદી પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. સેકટરોમાં કચરાના ઢગ વચ્ચે ભીંજારો ભળતા ગંદકી હટીલી બની હતી.

૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ અર્બનમાંથી પણ આજે એક બાવન વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ દર્દી પણ અન્ય બિમારી ધરાવતો હોવાનુ જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસો અને નવા-નવા ગ્રામ્ય વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગ્રામીણ વિસ્તારો માટે હવે ધન્વન્તરી રથોને પણ મોકલવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે તંત્ર દ્વારા ખાસ વ્યુહરચના આગામી એક-બે દિવસમાં તૈયાર થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં હાલ ૧૧ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૧૮૦ જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૪ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૧૧ પુરૂષ અને ૩ સ્ત્રી દર્દીનો સમાવેશ થાય છે. આજે સૌથી વધુ દહેગામના ૭ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

૩ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. જ્યારે ૧૦૨ જેટલા દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે ૪૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે. મનપાના તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે બધા જ દર્દીઓની સ્થિતિ સ્થિર છે તેમજ એક પણ દર્દી લાઈફ સપોર્ટ સિસ્ટમ પર નથી.

ચેતવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડોક્ટરની ભલામણના આધારે ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટિંગ કરાવી શકશે. ટેસ્ટનો રિપોર્ટ જો પોઝિટિવ આવશે તો અત્યારે સરકાર તરફથી પોઝિટિવ દર્દીઓની સારવાર માટે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં જે સુવિધા કરવામાં આવી છે ત્યાં આ નાગરિકોની સારવાર કરવામાં આવશે.

આ સિવાય નીતિન પટેલે જણાવ્યું કે, રાજ્યમાં કેટલીક ખાનગી હોસ્પિટલો દ્વારા કોરોનાની સારવારના નામે ખોટા બીલો બનાવવામાં આવે છે અને દર્દીઓ પાસે વધારાના ચાર્જ વસુલવામાં આવે છે. કોરોના દર્દીને જે ઈન્જેક્શન સરકાર દ્વારા સસ્તી કિંમતમાં આપવામાં આવે છે, તેનો ખાનગી હોસ્પિટલો દ્વારા વધારે ચાર્જ વસુલવામાં આવે છે. જે પણ હોસ્પિટલો વધારે ચાર્જ ઉઘરાવતી હશે, તે હોસ્પિટલો સામે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે, અને આવી હોસ્પિટલને કાયમી બંધ કરી દેવામાં આવશે.

સંક્રમિત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એન્ટિબોડીઝની તપાસ કરવામાં આવે છે. આ પરીક્ષણ માટે, લોહીના નમુના લઈને લોકોનું આઈજીજી એન્ટિબોડીઝ માટે પરીક્ષણ કરાય છે. જો કોઈ વ્યક્તિ આઈજીજી પોઝિટિવ છે, તો તેનો અર્થ એ કે તેને સાર્સ-કોવ - ૨ ચેપ લાગ્યો હોઈ શકે. ડો.ભાર્ગવે કહ્યું, 'આ સર્વે દર્શાવે છે કે કુલ વસતીના કેટલા ટકા લોકો વાયરસથી સંક્રમિત છે? કઈ વ્યક્તિમાં ચેપનું જોખમ વધારે છે? કયા વિસ્તારોમાં બચાવ પ્રયાસો વધારવાની જરૂર છે?

ચોથા ક્રમે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશની આંકડાકિય માહિતી મુજબ, આ પહેલા ૨૪ કલાકમાં ૧૧ હજાર ૧૫૬થી વધારે દર્દીઓ મળ્યા હતા. સાથે જ ૭ જૂને સૌથી વધારે ૧૦ હજાર ૮૮૪ કોરોના પોઝિટિવ મળ્યા હતા. તો બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં પણ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. હવે તે સંક્રમિતોના મામલામાં દેશનું પાંચમું રાજ્ય બની ગયું છે. અહીંયા ગુરુવાર સવાર સુધી યુપીમાં ૧૧ હજાર ૬૧૦ કેસ થઈ ગયા હતા.

સૂત્રોએ વધુમાં કહ્યું કે, આ સાથે જ સારી બાબત એ છે કે સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યમાં સતત વધારો થઈ રહ્યો છે. બુધવારે ૬૩૨૬ દર્દી સાજા થયા હતા. અત્યાર સુધી દેશમાં ૧ લાખ ૪૦ હજાર ૯૭૯ સંક્રમિત સાજા થયા છે. તો બીજી બાજુ મધ્યપ્રદેશમાં અત્યાર સુધી ૧૦ હજારથી વધારે કેસ થઈ ગયા છે. મધ્યપ્રદેશ દેશનું સાતમું એવું રાજ્ય બની ગયું છે, જ્યાં હવે સૌથી વધારે કેસ થયા છે.

ટર્નિંગ પોઈન્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈલેક્ટ્રોનિક્સના ક્ષેત્રમાં કાશ ભારત આત્મનિર્ભર બને. સોલર પેનલ અને બેટરી તથા ચિપ્સના નિર્માણમાં ભારત પોતાનો ઝંડો લહેરાવે. ઉડ્ડયન ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બને. તો જ આપણે આગળ વધી શકીશું. તેઓએ કહ્યું કે આવા અનેક કાશ છે જેને દરેક ભારતીયો શોધી રહ્યા છે. મોટું કારણ રહ્યું છે કે છેલ્લા ૫-૬ વર્ષમાં ભારતની આત્મનિર્ભરતાનું લક્ષ્ય સર્વોપરી રહ્યું છે. કોરોના સંકટે આ ગતિને વધારવાનું નક્કી કર્યું છે. આ કારણે જ આત્મનિર્ભર ભારત બન્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે મુસીબતની દવા મજબૂતી છે. મુશ્કેલ સમયે ભારતની ઈચ્છાશક્તિને મજબૂત કરી છે. તેઓએ કહ્યું કે કોરોના બાદ આપણે આત્મનિર્ભર બનવાનું છે અને આગળ વધવાનું છે. દરેક ભારતીયના મનમાં એક પ્રશ્ન રહેશે કે ભારત કયા ક્ષેત્રમાં આત્મનિર્ભર બને.

અનામત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઠરાવી એવું પણ અવલોકન કર્યું હતું કે , અમને ખુશી છે કે આ મામલામાં તમામ રાજકીય પક્ષ એક સાથે આવ્યા છે, પરંતુ અમે આ અરજીની સુનાવણી નહીં કરીએ. જો કે અમે અરજી ફગાવી નથી રહ્યા પણ અમે તમને હાઈકોર્ટ સમક્ષ અરજી કરવાની તક આપી રહ્યા છીએ, એમ કહીને કોર્ટે તેમને હાઈકોર્ટમાં અરજી કરવાનું જણાવ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે તામિલનાડુમાં આમ તો પ્રાદેશિક પક્ષો એકબીજાની સામે લડતા હોય છે. તેઓ ભાગ્યે જ કોઈ એક મુદ્દે સહમત થતાં હોય છે. પરંતુ મેડિકલ સહિતની અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ માટે મહત્વની ગણાતી નીટની પરીક્ષામાં ૫૦ ટકા અનામત લાગૂ કરવાની માંગને લઈને આ પક્ષો એક થયા અને સૌએ સાથે મળીને સુપ્રિમના દ્વાર ખટખટાવ્યાં હતા. જેની સુનાવણી આજે નિકળતા કોર્ટે અનામતને લઈને કડક ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, અનામત મૂળભૂત અધિકાર નથી. આ સાથે જ કોર્ટે અરજી પર સુનાવણી કરવાથી પણ ઈનકાર કરી દીધો હતો. તમિલનાડુના ડીએમકે, સીપીઆઈ, એઆઈએડીએમકે સહિત કેટલાક પક્ષાએ દ્રઈઈ હેઠળ મેડિકલ કોલેજમાં બેઠકોને લઈને તમિલનાડુમાં ૫૦ ટકા ઓબીસી અનામત મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.